Shubh Laxmi
STEEL & TUBE
Plot No. B/ Ind /129/A, Sub Plot No.3,
Near Udhna Sangh Commercial Complex, Udhna Station Road,
Udhna, Surat - 394 210 (Gujarat) India
+91 96011 48484 shubhlaxmisteelandtube@gmail.com
SUPPLIERS OF M.S. PIPE, GALVANISED PIPE,

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પીપી માણીયા હોસ્પિટલ પ્રા.લી.
કેન્સર & હાર્ટ ઈન્સ્ટીટયુટ & ટ્રોમા સેન્ટર
દક્ષિણ ગુજરાતની ૧૫૦ બેડ સાથેની સંપૂર્ણ સારવાર આપતી એકમાત્ર હોસ્પિટલ
ખાનગી ક્ષેત્રે ફુલ ટાઈમ નિષ્ણાંત ડોકટર્સની સેવાઓ અત્યંત રાહત દરે
- હૃદયની બધી સારવાર (સ્ટેન્ટ, બાયપાસ સર્જરી)
- મગજ તથા જ્ઞાનતંતુના સર્જન/ફિઝીશીયન
- કેન્સરની બધી જ સારવાર (રેડિએશન સાથેની સારવાર)
- આંખના સર્જન મોતીયાનું ફ્રી ઓપરેશન (માત્ર નેત્રમણીનો ચાર્જ)
- ફિઝીશીયન-ડેન્ટીસ્ટ-ચામડી
- હાડકાંના સર્જન (ઘૂંટણ બદલવાની સર્જરી)
- જનરલ તથા કાન-નાક-ગળાના સર્જન

સરનામું : ધારૂકા કોલેજ સામે, કાપોદ્રા, સુરત.
એપોઈન્ટમેન્ટ માટે : 0261 3503500|M. 96871 03500

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેકસઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ અષાઢ વદ સાતમ શનિવાર ૨૭ જુલાઈ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૧૭

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

પૂર્ણા નદી બે કાંઠે



પાણીમાં ડૂબેલું નવસારી



# નવસારી ડુબ્યું, પૂર્ણા નદીના પાણી નગરમાં ઘૂસ્યા

■ નવસારીમાં 2100 લોકો અને મરોલી સહિતના 1100 લોકોનું સ્થળાંતર, 10 લોકોને રેસ્ક્યુ કરાયા, જનજીવન પ્રભાવિત ■ નવસારીના મુખ્ય રસ્તા ઉપર પૂરના પાણી ભરાતા રસ્તાઓ બંધ કરાયા, બસોના રૂટ ડાયવર્ટ કરાયા ■ ઉપરવાસમાં ધોધમાર વરસાદ પડતાં અચાનક પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થવા લાગ્યો ■ નવસારીનાં 16, મરોલી સહિતનાં 11 ગામો અને જલાલપોરનાં 11 ગામને અસર

નવસારી : નવસારીની પૂર્ણા નદીએ તેની ભયજનક સપાટી વટાવી જતા નવસારી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. તેમજ શહેરની ખાડીઓ પણ છલકાતા ખાડી નજીકના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જેથી નવસારી શહેરમાં અંદાજે 2100 લોકો અને નવસારી ગ્રામ્ય વિસ્તારના અંદાજે 1100 જેટલા લોકોને સ્થળાંતર કરાયા હતા. અને 10 લોકોને રેસ્ક્યુ કરી બચાવી લેવાયા હતા. નવસારી શહેરમાં પૂરની સ્થિતિ સર્જાતા શહેરના મુખ્ય માર્ગો પુરના પાણીમાં ગરકાવ થઈ જતા તંત્રએ શહેરના તમામ મુખ્ય રસ્તાઓ બંધ કરી દીધા હતા. જેથી એસ.ટી. વિભાગે પણ બસોના રૂટ ડાયવર્ટ કરી દીધા હતા અને ઘણા વિસ્તારોની ટ્રીપો ઓછી કરી દીધી હતી.

નવસારી જિલ્લામાં ગત રોજ સાંજે 6 વાગ્યા બાદ નવસારી જિલ્લાની અંબિકા નદી, પૂર્ણા નદી અને કાવેરી નદીના જળ સ્તરમાં ઘટાડો નોંધાયો હતો. જેથી આજે શુક્રવારે સવારે 6 વાગ્યે સુધી અંબિકા નદી 16.72 ફૂટે, પૂર્ણા નદી 16 ફૂટે અને કાવેરી નદી 11 ફૂટે વહી રહી હતી. પરંતુ ઉપરવાસમાં ધોધમાર વરસાદ પડતા અચાનક પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થવા લાગ્યો હતો. સવારે 6 વાગ્યા બાદ પૂર્ણા નદી ભયજનક સપાટી વધાવી જતા નદીના પાણી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ભરાવાનું શરુ થઈ ગયું હતું. ત્યારબાદથી પૂર્ણા

...અનુસંધાન પાના 11 પર

## નવસારી-સુરતનો રસ્તો બંધ કરી દેવાયો

આ સિવાય પુરના પાણી કસ્બાપાર, માણેકપોર-ટંકોલી ગામના મુખ્ય રસ્તા પર ફરી વળતા નવસારી-સુરત જતી એસ.ટી. બસો અને વાહન ચાલકો માટે રસ્તો બંધ કરી દીધો હતો. જ્યારે નવસારી-સુપા ગામ તરફના પુલ પરથી પાણી ફરી વળતા તે રસ્તો બંધ કરી દેતા નવસારી-બારડોલી એસ.ટી. બસ અને વાહન ચાલકોને અન્ય રસ્તા પરથી જવું પડ્યું હતું. જોકે વાહન ચાલકો ગ્રીડ તરફથી હાઈવે પર જઈ રહ્યા હતા. પરંતુ બપોરબાદ કાલીયાવાડી કલેક્ટર કચેરી પાસેથી પસાર થતી ખાડી છલકાતા કાલીયાવાડી-ગ્રીડ રોડ ઉપર પાણી ભરાતા રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. જેથી વાહન ચાલકો ઇટાળવા થઇ ગણેશ-સિસોદ્રા થઇ હાઈવે પર જતા હતા. નવસારી શહેરના મુખ્ય રસ્તાઓ પાણી ગરકાવ થતા નવસારી એસ.ટી. બસના રૂટો બદલી નાંખવામાં આવ્યા હતા.

## જિલ્લાના 70 માર્ગો તથા 4 મુખ્ય માર્ગો ઓવરટોપિંગ થયા

નવસારીથી સુરત જતી બસો ઇટાળવા થઇ ગણેશ સિસોદ્રા ગામ પાસેથી હાઈવે પરથી સુરત જઈ રહી હતી. જ્યારે નવસારી-બારડોલી જતી બસો પલસાણા થઇ જતી હતી. તેમજ બીલીમોરા તરફ જતી બસો અબ્રામા-કોસ્ટલ હાઈવે થઇ જતી હતી. પરંતુ ઉકાઈ જતી બસો મહુવાથી પરત ફરી હતી. જોકે જલાલપોર તાલુકાના કૃષ્ણપુર ગામે તેમજ દાંડી ગામ તરફ જતી બસો રાબેતામુજબ ચાલી રહી હતી. પરંતુ મુસાફરો વધુ ન હોવાથી ટ્રીપો ઓછી કરી દીધી હતી. આ સિવાય નવસારી જિલ્લાના નાના-મોટા 70 માર્ગો તથા 4 મુખ્ય માર્ગો (મા.મ.વિભાગ સ્ટેટ હસ્તક) ઓવરટોપિંગ થયા હતા.

## નવસારીના 35 હજારથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા

પૂર્ણા નદીએ ભયજનક સપાટી વટાવી જતા નવસારી શહેરના વિરાવળ, એ.પી.એમ.સી. માર્કેટ, ગધેવાન, મચ્છી માર્કેટ, કમેલા રોડ, રંગુન નગર, હિદાયત નગર, નવસારી રેલ્વે સ્ટેશનથી વિરાવળ જકાતનાકા સુધીનો રીંગરોડ, ભેસતખાડા, માછીવાડ, ઝવેરી સડક મહાવીર નગર, કાશીવાડી, દાંડીવાડ, કુવારા પાસે રમાબેન હોસ્પિટલ પાસેનો વિસ્તાર, ઠક્કરબાપા વાસ, શાંતાદેવી રોડ, બંદર રોડ, રાયચંદ રોડ સહિતના વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. તો બીજી તરફ નવસારી શહેરની ખાડીઓ પણ છલકાઈ જતા દશેરા ટેકરી, કાલીયાવાડી, કબીલપોર, જયશંકર પાર્ટી પ્લોટ પાસે, આદર્શ નગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જતા 35 હજારથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા હતા. જેના પગલે તમામ વિસ્તારોના લોકોનું સ્થળાંતર કરવું પડ્યું હતું.

## તવડી, માણેકપોર, વાડાગામ, પોંસરા, મરોલી ગામ, નળોદ, આસણા બેટમાં ફેરવાઇ ગયાં

નવસારી : ઉપરવાસમાં ભારે વરસાદ તથા પાણીના નિકાલની સમસ્યાને કારણે પૂર્ણા તથા મીંઢોળા નદીમાં પૂર આવ્યા હતા. જલાલપોર તાલુકાના તવડી, માણેકપોર, વાડાગામ, પોંસરા, મરોલી ગામ, નળોડ અને આસણા ગામ જાણે બેટ હોય એમ વિખૂટા પડી ગયા હતા. વાડા ગામની આસપાસ પાણી ફરી વળતા 65 લોકોનું સ્થળાંતર કરવું પડ્યું હતું. તવડી તો પૂર્ણા નદીને કિનારે જ આવેલું છે અને તેને

...અનુસંધાન પાના 11 પર

## રાત્રે પૂર્ણા અને અંબિકા નદીમાં પાણી ઓસરવા માંડ્યા

નવસારી : શુક્રવારે આખો દિવસ પૂર્ણા અને અંબિકા નદીમાં જળસપાટી વધતી રહી હતી. બંને નદીના પૂરને કારણે નીચાણવાળા વિસ્તારમાં પણ પાણી ભરાઇ ગયા હતા. રાત્રે 10 વાગ્યે મળતી માહિતી મુજબ અંબિકા અને પૂર્ણા નદીમાં જળસપાટી ઘટવી શરૂ થઇ હતી. રાત્રે 10 વાગ્યે અંબિકા નદીમાં જળસપાટી 23.61 ફૂટ હતી, જ્યારે પૂર્ણા નદીમાં જળસપાટી 28 ફૂટ પર પહોંચી ગઇ હતી. બંને નદીઓમાં જળસપાટી ઘટવા માંડતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ઈન્ટર્નશીપ આપવી તે દરેક માટે ફરજિયાત નથી: નિર્મલા

નવી દિલ્હી, તા. 26: પોતાનું સતત સાતમું બજેટ રજૂ કર્યા બાદ નાણા મંત્રી નિર્મળા સીતારમણે પત્રકારો સાથે બજેટ પર ચર્ચા કરી હતી.

પ્ર.: તમારા બજેટને રાજકીય બજેટ કહેવામાં આવી રહ્યું છે. વચગાળાના બજેટમાં જે હતું તેમાં ચૂંટણી પરીણામો બાદ ફેરફાર કરાયા છે?

સીતારમણ: આ બજેટમાં વચગાળા બજેટમાંથી દરેક વસ્તુ લેવાઈ છે, જો કે નવી વસ્તુઓ ઉમેરવામાં આવી છે. બિહાર અને આંધ્ર પ્રદેશમાં અમે આપેલા પ્રોજેક્ટના સંદર્ભમાં તમે તેને રાજકીય બજેટ કહો છો. એપી રિઓર્ગેનાઈઝેશન એક્ટનું સન્માન કરવું જોઈએ. અમે 2014થી આ કરી રહ્યા છીએ. આ જ કારણથી તેલંગાણા અને આંધ્ર પ્રદેશમાં પછાત જિલ્લાઓના વિકાસ માટે ભંડોળ આપવામાં આવ્યું છે. એઈમ્સ, આઈઆઈઆઈટી, આઈઆઈટી જેવા સંસ્થાનોત્યાં સ્થાપિત કરાઈ રહ્યા છે.

બિહારના મામલામાં શું કોઈ પણ કોસી નદીના પૂરથી થયેલા વિનાશથી ઈન્કાર કરી શકે છે. નેપાળમાં ભારતના ખર્ચે ડેમ બનાવવા માટેના પ્રયાસ ચાલુ છે જેથી પૂર ન આવે.

નોકરીઓ અંગે તેમણે કહ્યું

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૬-૦૭-૨૦૨૪નું વડોદરા શહેરનું
### હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 00.00 મીમી | ૪૫૬.00 મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૧.૨ સે. | ૨૬.૨સે. | ૮૪% |



# ઓલિમ્પિકના થોડા કલાકો પહેલા જ ફ્રાન્સના રેલ નેટવર્ક પર હુમલો

**પેરિસમાં** આવતી 3 રેલવે લાઇન પર આગચંપી અને તોડફોડ; વડા પ્રધાને કહ્યું - આ સુનિયોજિત કાવતરું છે

**હાઈ** સ્પીડ નેટવર્કને નિશાન બનાવાતા ઓલિમ્પિક ખેલાડીઓ સહિત લાખો મુસાફરો અટવાયા

પેરિસ, તા. 26 જુલાઈ : ઓલિમ્પિકના ગ્રાન્ડ ઓપનિંગ સેરેમનીના કલાકો પહેલા ફ્રાન્સના હાઇ-સ્પીડ રેલ નેટવર્કને શુક્રવારે ઓલિમ્પિક રમતવીરોને મુસાફરી કરતા અટકાવવા આગચંપીના હુમલાઓ સહિત તોડફોડના વ્યાપક અને "ગુનાહિત" કૃત્યો સાથે ખોરવી દેવાઈ હતી જેનાથી, બાકીના ફ્રાન્સ અને યુરોપમાંથી પેરિસની મુસાફરી લકવાગ્રસ્ત બની હતી.

ફ્રેન્ચ અધિકારીઓએ હુમલાને "ગુનાહિત કાર્યવાહી" તરીકે વખોડી કાઢ્યા હતા, જોકે તેમણે કહ્યું હતું કે રમતો સાથે સીધો સંબંધ હોવાના કોઈ સંકેત નથી. પેરિસમાં વકીલોએ રાષ્ટ્રીય તપાસ શરૂ કરી હતી અને કહ્યું હતું કે ગુનાઓમાં 10 થી 20 વર્ષની સજા થઈ શકે છે.

પેરિસના ગેરે ડુ નોર્ડ સ્ટેશન પર રાહ જોઈ રહેલી 42 વર્ષીય પ્રવાસી સારાહ મોઝલીએ રેલની

...અનુસંધાન પાના 11 પર

## એરપોર્ટ ખાલી કરાવાયું

શુક્રવારે જ જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડની સરહદ પર બેસલ-મુલહાઉસનું ફ્રેન્ચ એરપોર્ટ સવારે ખાલી કરાવવામાં આવ્યું હતું અને "સલામતીના કારણોસર" થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું, એમ એરપોર્ટએ જણાવ્યું હતું. તે સ્પષ્ટ નહોતું કે રેલ હુમલાઓ સાથે કોઈ જોડાણ હતું કે નહીં.

કારગિલ સંઘર્ષમાં ભારતની જીતની 25મી વર્ષગાંઠ પર ઈસ્લામાબાદને કડક ચેતવણી

# આતંકના આકાઓ સાંભળી લે, તેમના નાપાક ઈરાદા ક્યારેય સફળ નહીં થાય: મોદી

**દ્રાસમાં** કારગિલ સ્મારક ખાતે એક સમારોહને સંબોધતા મોદીએ કહ્યું: પાકિસ્તાને તેના ભૂતકાળમાંથી કંઈ શીખ્યું નથી

દ્રાસ (લદ્દાખ): કારગિલ સંઘર્ષમાં ભારતની જીતની 25મી વર્ષગાંઠ પર ઈસ્લામાબાદને કડક ચેતવણી આપતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું કે પાકિસ્તાન આતંકવાદ અને પરોક્ષ યુદ્ધોનો ઉપયોગ કરીને પ્રસ્તુત રહેવાનો પ્રયાસ કરી રહ્યું છે અને ભારતીય સૈનિકો તમામ આતંકવાદી પ્રયાસોને સંપૂર્ણ તાકાતથી કચડી નાખશે.

દ્રાસમાં કારગિલ સ્મારક ખાતે એક સમારોહને સંબોધતા વડા પ્રધાને કહ્યું હતું કે, 1999ના યુદ્ધમાં સત્ય દ્વારા "જૂઠ અને આતંક" ને ઘૂંટણિયે લાવવામાં આવ્યા હતા. તેમણે એ પણ નોંધ્યું કે પાકિસ્તાને તેના ભૂતકાળમાંથી કંઈ શીખ્યું નથી.

"આજે હું એવી જગ્યાએ બોલી રહ્યો છું જ્યાંથી આતંકના આકાઓ મારો અવાજ સીધો સાંભળી શકે છે. હું આતંકવાદના આ આશ્રયદાતાઓને કહેવા માંગુ છું કે તેમના નાપાક ઈરાદા ક્યારેય સફળ નહીં થાય ", એમ મોદીએ ભારતના ટોચના સૈન્ય અધિકારીઓની હાજરીમાં કહ્યું હતું.

તેમણે કારગિલ યુદ્ધમાં સર્વોચ્ચ બલિદાન આપનારા સૈનિકોને પણ ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી.

અગ્નિવીર યોજના મહત્વપૂર્ણ સુધારામાંની એક: મોદી

સંરક્ષણ ક્ષેત્રમાં સુધારા માટે સંરક્ષણ દળોની પ્રશંસા કરતાં મોદીએ અગ્નિપથ યોજનાને મહત્ત્વપૂર્ણ સુધારામાંથી એક ગણાવી હતી. ભારતીય સેનાની સરેરાશ આયુ વૈશ્વિક આયુથી વધુ હોવાની લાંબા સમયથી જોવા મળતી ચિંતાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આ ગંભીર ચિંતાને પહોંચી વળવા માટે કોઈ ઈચ્છાશક્તિ નહોતી, જેને અત્યારે અગ્નિપથ યોજના મારફતે સંબોધિત કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અગ્નિપથનો હેતુ દળોને યુવાન રાખવાનો અને સતત યુદ્ધ માટે તૈયાર રહેવાનો છે." તેમણે ભારપૂર્વક આ સંવેદનશીલ વિષયના નિર્લજ્જ રાજકીયકરણ પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, સત્ય એ છે કે અગ્નિપથ યોજનાથી દેશની તાકાત વધશે અને દેશને સક્ષમ યુવાનો પણ મળશે. અગ્નિવીરોને ખાનગી ક્ષેત્ર અને અર્ધલશ્કરી દળોમાં પણ પ્રાધાન્ય આપવાની જાહેરાતો કરવામાં આવી

...અનુસંધાન પાના 11 પર

# ખરડાઓ મંજૂર ન કરવા સામે સુપ્રીમે કેન્દ્ર સરકાર, પ. બંગાળ, કેરળના રાજ્યપાલોના સચિવો પાસે જવાબ માગ્યા

**કેરળ** અને પ. બંગાળ સરકારનો આરોપ છે કે વિધાનસભાએ પસાર કરેલા ખરડાઓ રાજ્યપાલે અટકાવી રાખ્યા છે

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, સર્વોચ્ચ અદાલતે શુક્રવારે વિપક્ષ-શાસિત કેરળ અને પશ્ચિમ બંગાળની અલગ-અલગ અરજીઓ પર વિચાર કરવા સંમત થયા હતા, જેમાં સંબંધિત વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા ખરડાઓને સંમતિ આપવાનો ઈનકાર કરવાનો આરોપ લગાવ્યો હતો.

કેરળનો એવો પણ આરોપ છે કે રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને અમુક ખરડાઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મોકલ્યા હતા અને તે હજુ મંજૂર થયા નથી.

અરજીઓની નોંધ લેતા, સર્વોચ્ચ અદાલતે કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને કેરળના રાજ્યપાલ ખાન અને તેમના પશ્ચિમ બંગાળના સમકક્ષ સી વી આનંદ બોઝના સચિવોને નોટિસ જારી કરી અને ત્રણ અઠવાડિયામાં તેમના જવાબો માગ્યા.

ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેન્ચે સાથે જ તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વવાળી સરકારને ગૃહ મંત્રાલયને પણ અરજીમાં પક્ષકાર બનાવવાના નિર્દેશ આપ્યા હતા.

પ. બંગાળ સરકારે આરોપ લગાવ્યો હતો કે રાજ્યપાલે 8 ખરડાઓને અટકાવી રાખ્યા છે.

કેરળ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકિલ કે કે વેણુગોપાલે કહ્યું

...અનુસંધાન પાના 11 પર